

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સત્તા સ્વાર્થમાં ફરજ કુંઠી થઈ ગઈ છે!*
*પક્ષ તરફની નિષ્ઠા જુઠ્ઠી થઈ ગઈ છે!*
*કુંઠિત થઈ છે સંવેદના સમર્પણની*
*રાષ્ટ્ર-સેવાની ભાવના બુઠ્ઠી થઈ ગઈ છે!*
*(કોંગ્રેસનું જક્કી વલણ)*

### હાઈકુ

*બધા પક્ષોને*
*પિવડાવશે, બાપુ -*
*ઝેરનાં ઘૂંટ!*

*કોંગી દિલ કે*
*ટૂકડે લાખ હુએ -*
*મને ન મૂળ!!*

### ચિંતન

*નિર્ગુણસ્ય હતં રુપં દુ:શીલસ્ય હતં કુલમ્ ।*
*અસિદ્ધસ્ય હતા વિદ્યા અભોગેન હતં ધનમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

ગુણહીનનું રુપ, દુરાચારીનું કુળ અને અયોગ્ય વ્યક્તિની વિદ્યા નષ્ટ થાય છે. ધનનો ઉપયોગ યોગ્ય દિશામાં ન કરવાથી તેનો પણ નાશ થાય છે.

વ્યક્તિ સ્વરુપવાન હોય પણ ગુણવાન ન હોય તો તેનું રુપ કશા કામનું નથી. સુંદરતા જોડે સુશીલતા હોવી જરૂરી છે. સ્ત્રીની સુંદરતા ગુણ હોય તો ખીલી ઊઠે છે. માણસ તેના ગુણ વડે પૂજાય છે, રૂપને કારણે નહીં.

દુર્ગુણોની દુર્ગુણીનું કુળ વગોવાય છે. સમાજમાં તેને કયાંય સ્થાન મળતું નથી. દુરાચારથી - વ્યક્તિનું સામાજિક, આર્થિક અને નૈતિક એમ ત્રણે સ્તરે પતન થઈ જાય છે. તેના કુળની પ્રતિષ્ઠાનું ધોવાણ થઈ જાય છે.

વિદ્યા યોગ્ય વ્યક્તિ પાસે જ શોભે છે અને ખીલે છે. અયોગ્ય વ્યક્તિ પાસે તેનો સદુપયોગ કેવી રીતે કરવો તેનું જ્ઞાન ન હોવાથી વિદ્યા નાશ પામે છે. તે જ રીતે લક્ષ્મીનો સદુપયોગ ન થવાથી તે પણ નકામી બની જાય છે. ધન સારા માર્ગે ખર્ચાય તો જ ખપનું.

### સુવિચાર

- મૌનમાં ઈશ્વરની સ્તુતિ એ પ્રાર્થના - **ખલીલ જિબ્રાન**
- સાચો શિક્ષક કમાન્ડર નહીં કોચ હોય છે - **આચાર્ય મહાપ્રજ્ઞ**
- પ્રાર્થનાનો જવાબ ન હોવો જોઈએ.
  જો જવાબ મળે તો તે પત્રવ્યવહાર થાય, પ્રાર્થના નહીં - **ઓસ્કાર વાઈલ્ડ**
- ખુદાની સાથે એક થવું એમાં મહેનત નથી, ખુદાથી જુદા પડવું એમાં મહેનત છે - **હદિસ બોધ**
- હવે હાથ રહે ના હેમ, સમયનું સૌનું પરથમ વાપર્યું ફાવે તેમ - **પ્રિયકાંત મણીયાર**
- ચિંતા છે એ પણ ચિંતન નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : હળદર અને પલાળેલો કળી ચૂનો લેપ લગાડવાથી સોજો-મૂઢમારમાં તરત રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એક હોંશિયાર હોનહાર તેજસ્વી યુવાનને ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું, 'તમે એવું કયાં આધારે કહી શકો છો કો તમે બીજા કરતા પણ વધુ સર્જનશીલ બની શકો તેમ છો?'

યુવાને કહ્યું, 'હું જયારે બે-ત્રણ વર્ષનો હતો ત્યારે એક ઘટના બનેલી જેને કારણે હું આમ કહી શકું તેમ છું...'

યુવાને કહ્યું, 'હું નાનો હતો ત્યારે મેં ફ્રિજમાંથી દૂધ ભરેલી બોટલ લેવાનો પ્રયત્ન કરેલો. બોટલ સરકી પડી અને દૂધ ઢોળાઈ ગયું. રસોડામાં દૂધ દૂધ થઈ ગયું. ત્યાં મારી માતા અવાજ સાંભળી રસોડામાં આવી. તેણે મને ગુસ્સે થવાને બદલે કહ્યું, 'બેટા, તે અદ્ભૂત નજારો બનાવ્યો છે, મેં દૂધનું આવડું મોટું ખાબોચિયું કદી જોયું નથી. દૂધ તો નકામું થઈ જ ગયું છે પરંતુ હું સાફ કરી નાખું તે પહેલાં જો તારે આ ઢોળાયેલા દૂધમાં રમવું હોય તો તેને છૂટ છે. મને પણ મજા પડી. દૂધમાં છબછબીયા કરી દીધા.' પછી માએ મને કહ્યું, 'જો આવી ગરબડ થાય તો બધું સફાઈ કરી વ્યવસ્થિત કરવું પડે ને, તું મને સાફ કરવામાં મદદ કરીશ??' પછી સફાઈ કરીને માએ મને કહ્યું, 'આજે તેં બે નાનકડા હાથથી દૂધની બોટલ ઊંચકવાનો પ્રયત્ન કરી જોયો, પણ હવે આપણા ગાર્ડનમાં જઈને ત્યાં બોટલમાં પાણી ભરીને તે પડે નહીં એ રીતે તેને કેમ ઊંચકવી તે તું શોધી કાઢ.' થોડીવારમાં હું બોટલ ઉચકતા શીખી ગયો. આવો અદ્ભૂત પાઠ હું કુમળી ઉંમરમાં શીખ્યો. તે વખતે મને સમજાયું કે ભૂલ થાય તો ગભરાવું નહીં. અને ભૂલમાંથી કંઈક શીખવું, જે મારી સર્જનશીલતા માટે પાયાની વાત છે. યુવાનની નોકરી માટે તરત પસંદગી થઈ ગઈ.

# પ્રાદેશિક આપદાઓ વચ્ચે સંતુલન

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત સહિત દેશનાં ઘણાં રાજયો જયારે કપરા જળસંકટનો સામનો કરી રહ્યાં છે ત્યારે રાષ્ટ્રપતિ ભવન ખાતે એના જૂના રહેવાસીને વિદાય આપવાની અને નવા નિવાસીના સ્વાગતની રસમ ચાલી રહી છે. ઉત્તર ગુજરાતમાં સામાન્ય સંજોગોમાં ઓછા વરસાદની જ ફરિયાદ રહેતી આવી છે. ઋતુચક્રના ફેરફારને કારણે છેલ્લાં વર્ષોમાં બનાસકાંઠા જેવા સૂકાં પંથકમાં ઘોડાપૂર આવતાં થયાં છે અને હજારોની સંખ્યામાં પશુધન સહિત અબજો રૂપિયાનું આર્થિક નુકશાન પણ નોંધાયું છે. બનાસનાં પાણી સીપુ ડેમના પાળા તોડી ભારે તારાજી વેરી રહ્યાં છે. દાંતીવાડા ડેમ પણ છલકાઈ ગયો છે. ડીસા અને પાલનપુર જેવા શહેરો અને લાખાણી જેવા ગ્રામવિસ્તારો ભયજનક સ્થિતિમાં અધ્ધર શ્વાસે ઘરોમાં પુરાઈ ગયા છે. મોરબીમાં મચ્છુ હોનારતના ભણકારા સાંભળી સામૂહિક હિજરત જોવા મળી છે. દેશના અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદને કારણે તબારી પ્રવર્તી રહી છે ત્યારે દેશના પ્રથમ નાગરિક અને બંધારણીય વડાની તાજપોશીની ચીલાચાલુ રસમ જોઈ જનસાધારણના માનસમાં રાજકીય નેતાઓ પ્રત્યે કેવો ખ્યાલો પ્રવર્તતા હશે? પરંતુ આવડા મોટા દેશમાં ઘટનાઓ અને દુર્ઘટનાઓ કે પ્રાકૃતિક આપદાઓ વચ્ચે પણ શાસનની પ્રણાલી અકબંધ અને અડીખમ રહી શકે છે એવો એક મક્કમ મેસેજ જાય એ પણ જરૂરી છે. વિશ્વમાં મહાસત્તા સ્વરુપે ઊભરતા રાષ્ટ્રને આવા સંકટ વખતે પણ વિચલિત થવું પોસાય નહીં. સરહદો સળગી રહી છે અને ગમે તે ક્ષણે ઓતરાદી દિશાએ યુદ્ધનાં નગારાં ધણધણી ઊઠે એવો માહોલ પ્રવર્તી રહ્યો છે. ચીની સૈન્ય પણ ધમકીની ભાષા ઉચ્ચારી ચૂક્યું છે. 'પહાડોને ધ્રુજાવી શકાય - અમારી અડીખમ પીપલ્સ લિબરેશન આર્મીને નહીં.' - એવી દર્પયુક્ત ભાષા આગામી દિવસોમાં સુલેહની શક્યતા સામે અવરોધ પેદા કરી શકે છે. ભારતના કબજા હેઠળના સિક્કિમ નજીકના ડોકાલા વિસ્તારમાં ભારતીય સેનાની તૈનાતી સામે ચીનનો સખત વિરોધ છે. ચીન એને પોતાનો પ્રદેશ ગણે છે. વિસ્તારવાદી ડ્રેગન કાલે સિક્કિમને સ્વાયત્ત અને સ્વાતંત્ર કરવાની ઝુંબેશ પણ ઉપાડી શકે છે. અરુણાચલ પર તો એ દાવા કરતું જ રહ્યું છે. 'પંચશીલ'ના કહેવાતા કરાર તો પોથીમાંનાં રીંગણા જ બની રહ્યા છે. ચીન માટે ભારત છેક નહેરુના જમાનાથી દુશ્મન રાષ્ટ્ર બની રહ્યું છે. સામ્યવાદી ચીનને લોકશાહીમાં સફળતા પૂર્વક પ્રગતિનાં સોપાન સર કરી રહેલા પાડોશી આંખમાં કણાની જેમ ખૂંચતો રહ્યો છે. એમાંય જયારે અમેરિકા અને જાપાન સાથે ભારતીય સેનાએ સંયુક્ત કવાયત હાથ ધરી ત્યારે તો એના પેટમાં તેલ ન રેડાય તો જ નવાઈ. આથી ઉશ્કેરાયેલું ચીન પાકિસ્તાનને પાંખમાં લઈ એક તરફ કાશ્મીરમાં લોહી વહેવડાવી રહ્યું છે અને બીજી તરફ હવે ગોરખલેન્ડની માગણી કરનારા અલગતાવાદીઓને હિંસક માર્ગે વાળી ભારતની મુશ્કેલીઓ વધારી રહ્યું છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા ચીનના વિસ્તારવાદ વિરુદ્ધ મંત્રજાપની સલાહ આપવામાં આવી છે. ચીન પંચશીલનાં મંત્રોને આરામથી ગળી જતું હોય ત્યાં બીજા મંત્રો શી વિસાતમાં? એને સીધું કરવું હોય તો અમેરિકા સહિત ભારતના મિત્રદેશો એની સાથેના વેપારધંધામાં કાપ મૂકીને જ કરી શકે. એની આર્થિક તાકાત તોડી પાડવામાં આવે તો જ એની સૈન્યશક્તિનું ગુમાન ઓછું કરી શકાશે.

# મેડમે ફાસ્ટફૂડ લાવનાર છોકરાઓને આખો પીરીયડ હાથ ઊંચા કરી ઊભાં રાખેલા



**નવાં કલેવર**
નટવર હેડાઉ

'પપ્પા, આજ લંચબોક્સમાં શું આપશો?' કેતનની પરી જેવી દીકરીએ પુછ્યું.

'આજ તો પપ્પાએ તારી ફેવરીટ વાનગી બનાવી છે.'

'પણ શું બનાવ્યું છે એ તો કહો?'

'ફલાવરનું શાક અને નાના નાના પરોઠા, ખાઈ લઈશ ને ? મારી વ્હાલી દીકરીને બહુ ભાવશે.'

શ્રેયાએ મોં બગાડ્યું. પણ તેની સામે જોવાનો કેતનને સમય ન હતો. દીકરીને ઝટપટ સ્કૂલવાનમાં બેસાડી કેતને મોટર સાઈકલ સ્ટાર્ટ કરી અને ઓફિસે પહોંચી ગયો.

તે કામચલાઉ રસોઈયો હતો. પેલી કહેવત છે ને કે 'મજબુરી કા નામ મહાત્મા' કામિની કયારેય તેને રસોડાની નજીક પણ આવવા દેતી નહીં. પછી રસોઈ બનાવવાની તો વાત જ કયાંથી આવે.

ઑફિસમાં લંબબોક્સ ખોલતાં ફરી વાર દીકરીનો ભોળો ચહેરો યાદ આવી ગયો. તે રોજ પુછતી 'પપ્પા, આજ ટીફીનમાં શું આપશો ?'

અને તેનો જાણે કે રોજીંદો જવાબ હોય. પરોઠા-શાક-બ્રેડ કે મેગી.'

સ્કૂલમાં હવે કુરકુરે, ચિપ્સ, મેગી કે બ્રેડ લાવનાર સ્ટુડન્ટને પનીશમેન્ટ મળવા લાગી હતી. પેરેન્ટ્સની બેદરકારીની સજા બાળકોને...

સ્કૂલ ડાયરીનું કમ્પ્લેઈનવાળું કોલમ આખું ભરાઈ ગયું હતું. બાળકોના સ્વાસ્થ્ય બાબતે સ્કૂલ હવે બહુ સજાગ થઈ થઈ ગઈ હતી.

'પપ્પા, જરા ધ્યાન આપો. આજ અમારી ટીના મેડમે ફાસ્ટફૂડ લાવનાર છોકરાઓને આખો પીરીયડ હાથ ઊંચા કરી ઊભાં રાખેલા.' તે આંખમાં આંસુ સાથે બોલી.

'બેટા, સૉરી, કાલથી પ્રોપર ટીફીન બનાવી આપીશ.' કેતને કહ્યું, તેને મનમાં ટીચર પર ખુબ ગુસ્સો આવી ગયો.

શ્રેયાની મમ્મી કેવું યમ્મી ફૂડ બનાવે છે. પપ્પા તમે પણ બનાવોને, નહીંતર મારી 'કામુ મમ્મી'ને બોલાવો. લાડમાં તે કામીનીને કામુ કહેતી હતી.

રાતે દીકરીના સુઈ ગયા બાદ કેતન ભીંડા સમારતાં કામીને યાદ કરવા લાગ્યો.

'કામીની' ખબર નહીં કઈ રીતે તું આટલાં બધા કામ મેનેજ કરી લેતી હતી?

'પપ્પા, આજ શું આપ્યું?'

'ભીંડાનું શાક અને ભાખરી' તેણે દીકરીને ગર્વથી કહ્યું,

'પપ્પા, તો તો આજે નો પનીશમેન્ટ' કહેતાં તે હસી પડી.

દીકરી ખુશ થતી 'બાય પપ્પા' કહી સ્કૂલની બહેનપણીઓનાં ટોળામાં ભઈ ગઈ. તેને બધાં બાળકો હવે પોતાની દીકરી જેવો જ લાગતા હતા. ભોળા અને માસૂમ.

હવે દીકરી માટે થઈ તે 'કામુ મમ્મી' થઈ બતાવશે, કામીની ને ફરી એકવાર નવી રીતે પોતાનામાં જીવંત કરીને તેનામાં એક નવી ઉર્જાનો સંચાર થયો. ઑફિસથી ઘેર પાછા ફરતાં બુકસ્ટોલમાંથી તે કુકીંગના એક ખુબ સરસ ચોપડી ખરીદી લાવ્યો.

હવે દીકરીને ટીફીનમાં 'જંકફૂટ' લઈ જવા બદલ પનીશમેન્ટ તો નહીં મળે.

'તે કામીનીને કરેલ વાયદો પુરો કરી શકશે. તેને જીવવાનું જાણે ધ્યેય મળી ગયું.'

# એકાગ્રતા એટલે કાર્ય સફળતાનો રાજમાર્ગ



**ગુલમહોર**
દિનેશ દેસાઈ

ગ્રીસના મહાન તત્વચિંતક ઍરિસ્ટૉટલે કહ્યું છે કે "તમે કોઈ પણ કામ પૂરી એકાગ્રતાથી કરતા રહો તો તમને એક દિવસ અવશ્ય પરિણામ (સફળતા) મળે જ છે." ધર્મ, ભક્તિ, ધ્યાન, પૂજા-પ્રાર્થના, સાધના, તપ વગેરે ઉપાય જુદા જુદા હોઈ શકે પરંતુ ઈશ્વર સુધી પહોંચવાના માર્ગ ઉપર ચાલતા રહો તો એક દિવસ મંઝિલ અવશ્ય પ્રાપ્ત થાય જ છે.

રાજકુમાર સિદ્ધાર્થ જે રસ્તા ઉપર ચાલ્યા એ પછી ભગવાન બુદ્ધ તરીકે ઓળખાયા. રાજા ભરથરી પણ ઋષિ ભર્તુહરિ તરીકે જાણીતા બન્યા. રાજા ગોપીચંદ અને રાજા હરિશ્ચંદ્રની જીવનકથાનો સારાંશ પણ ધર્મ અને ભક્તિની દિશામાં પ્રેરણાદાયી છે. કોઈ પણ મહાપુરુષોના જીવનના વિવિધ પ્રસંગો અસાધારણ અને પ્રેરક છે. જીવન જીવવાનું ચાલકબળ એમાંથી મળી રહે છે.

ધર્મ-ભક્તિની અઘરી વાત સાદા સીધા શબ્દોમાં કરતા બ્રહ્મસ્વરુપ યોગીજી મહારાજે કહ્યું છે કે "ચાળીસ વર્ષ સુધી સતત અક્ષરમંદિરમાં વાસણ ઉટક્યા છે, તંઈએ આ ગાદી ઉપર બેઠા છીએ."

સમગ્ર મનુષ્યદેહ દુર્લભ પણ છે અને અમૂલ્ય પણ છે. આપણે જાણીએ છીએ કે વિજ્ઞાન એટલું તો આગળ વધ્યું જ છે કે મૃતદેહમાંથી કિડની, લીવર, હૃદય અને બે આંખનું પ્રત્યારોપણ કરી શકાય છે. મૃત્યુની સમીપ સરકી રહેલા કુલ ત્રણ માણસને જીવન આપી શકાય છે અને આંખથી દિવ્યાંગ કમ સે કમ બે અલગ અલગ વ્યક્તિને દૃષ્ટિ પણ આપી શકાય છે. પરંતુ જીવવિજ્ઞાની લેબોરેટરીમાં કિડની, લીવર કે આંખ બનાવી શકતા નથી. હૃદયના સ્ટેન્ટ અને પૂર્જા વગેરે બજારમાં આવી ગયા પણ હ્યુમન હાર્ટ નહીં.

એક જીવવૈજ્ઞાનિકે કહ્યું હતું કે માનવદેહની કિંમત આંકી શકાય નહીં, કેમ કે તેને બજાર પ્રૉડક્ટ પ્રમાણે બનાવી શકાતો નથી. આમ છતા તેની વેલ્યુ ૬૦૦૦ મિલિયન ડૉલર કે તેનાથી અધિક ગણાય. સમગ્ર દુનિયાની વસતી આશરે ૬ અબજથી અધિક ગણીએ તો દુનિયાની એક એક વ્યક્તિ એક એક કરોડ રૂપિયાનો ફાળો આપે તો પણ માનવદેહ મળી શકે નહીં. એટલે જે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે "કરોડ રૂપિયા ખર્ચતા પણ આ મનુષ્યદેહ નહીં મળે."

દેશની સ્વતંત્રતાના અરસામાં યાને સને ૧૯૪૭ના સમયમાં એક તોલા (દસ ગ્રામ) સોનાનો ભાવ વીસ રૂપિયા હતો. ચાળીસ વર્ષ બાદ સને ૧૯૮૬-૮૭માં એક તોલા (દસ ગ્રામ) સોનાનો ભાવ અઢી હજાર રૂપિયા હતો. હવે ત્રીસ વર્ષ બાદ સને ૨૦૧૭માં એક તોલા (દસ ગ્રામ) સોનાનો (રોજેરોજ ભાવ બદલાતા હોવાથી) સરેરાશ ભાવ રૂપિયા ૨૮,૫૦૦થી રૂપિયા ૨૯,૦૦૦ છે. ગુણાતીતાનંદ સ્વામીએ ૨૩૦ વર્ષ પહેલા કરોડ રૂપિયાવાળી વાત કરી હતી. એ હિસાબે આજે માનવદેહની મૂલ્યવૃદ્ધિ ગણવી રહી.

> **કોઈ પણ મહાપુરુષોના જીવનના વિવિધ પ્રસંગો અસાધારણ અને પ્રેરક છે, જીવન જીવવાનું ચાલકબળ એમાંથી મળી રહે છે**

જીવવિજ્ઞાનીઓએ દુનિયામાં માણસની એવરેજ એજ ૧૦૦ વર્ષ ગણાવી છે. અલબત્ત ૧૦૦ વર્ષની સરેરાશ આયુ તો ચીન અને જાપાનમાં પૉસિબલ છે. અમેરિકામાં આ એવરેજ ૭૦થી ૭૫ વર્ષની છે, તો આપણા દેશમાં આ એવરેજ એજ ૬૦થી ૬૫ વર્ષની છે. માણસ ૧૦૦ વર્ષ જીવી લે છે, એમ માની લઈએ. પરંતુ એ પછી તો બધું ખતમ. આપણને આપણા પિતા અને તેમના પિતા યાને દાદાનું નામ ખબર હોય, એ પછી વડવાઓના નામો પુછવામાં આવે તો આપણને ખબર જ ના હોય.


વંશ-વારસો પણ આપણને યાદ રાખશે એમ માનવું ભુલભરેલું છે. એક, બે અને ત્રણ પેઢી સુધી જ ખબર હોય. બીજી તરફ પેઢીઓ વીતી જવા છતા નાગર કૃષ્ણભક્ત નરસિંહ મહેતાનું નામ સૌને યાદ હોય. આ ભક્તકવિ આપણી ન્યાતના ના હોય અથવા આપણે એમની જ્ઞાતિના કે સગાં ન હોઈએ તો પણ એમને યાદ રાખીએ છીએ તે ભક્ત અને ભક્તિની કમાલ છે. ભક્તિ અમરત્વ અપાવી દે છે.

સૃષ્ટિના સર્જક કુદરત કે ભગવાનથી કોઈ મહાન નથી. આકાશમંડળમાં એક નિહારિકા યાને એક બ્રહ્માંડમાં એક અબજ તારાઓ સહિત ગ્રહમંડળ છે, જેમાં એક પૃથ્વી પણ આવી ગઈ. અવકાશવિજ્ઞાનીઓ કહે છે કે કુલ સાડા ત્રણ અબજ નિહારિકાઓ અસ્તિત્વ ધરાવે છે. હવે એક નિહારિકામાં જો એક અબજ તારાઓ સહિત ગ્રહમંડળ અને પૃથ્વી છે, તો સાડા ત્રણ અબજ નિહારિકાઓમાં કેટલા ગ્રહમંડળ ને કેટલા તારામંડળો ને કેટલી પૃથ્વીઓ? ગણ્યા ગણાય નહીં ને તો'ય પાર આવે નહીં એટલા ગામો, શહેરો, રાજ્યો અને દેશો અને ખંડ-પ્રખંડો.

સ્પેસસાયન્ટિસ્ટોએ તો હમણા થોડા વખત પહેલા કહ્યું કે સાડા ત્રણ અબજ નિહારિકાઓ છે પરંતુ વેદો-ઉપનિષદો અને પુરાણોમાં તથા જુદા જુદા ધર્મગ્રંથોમાં પણ ઉલ્લેખ છે કે અનંત કોટિ (અગણિત કરોડો) બ્રહ્માંડ યાને નિહારિકાઓ છે. ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે સકળ લોકમાં અનંત કોટિ બ્રહ્માંડ છે અને આ અક્ષર (બ્રહ્મ, બ્રહ્મસ્વરુપ)ના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ ફરફરે છે. એવા અક્ષરબ્રહ્મસ્વરુપ આગળ સામાન્ય માનવી એટલે દરિયા આગળ ટીપું પણ ન ગણાય.

જસ્ટ ટ્વીટ:-
"વિદ્યાયામ્ અધ્યાત્મવિદ્યા:"
—ઋગ્વેદ

# સેલ્ફી લે લે રે!! આ સેલ્ફી વળી શું બલા છે?





**Hello ફ્રેન્ડસ**
સંજય થોરાત

છેલ્લા ચોવીસ કલાકથી ધોધમાર વરસાદ ચાલું છે. રવિવારે પડેલા વરસાદ બાદ અનેક યુવક -યુવતીઓ વરસાદ માણવા બાઈક સવારી માણવાં નીકળી પડ્યાં હતા. અમદાવાદ અંડરપાસમાં ભરાયેલા અને હિલોળા લેતાં પાણી પાસે ઊભી રહીને સેલ્ફી લેવાના ચક્કરમાં એક છોકરીનો પગ લપસ્યો અને એ એમાં ડુબી ગઈ... એક સેલ્ફીના ચક્કરમાં લાઈફનો લાસ્ટ સીન થઈ ગયો. આ સમાચાર જોતાં હૃદય દ્રવી ઊઠ્યું અને બીજું કંઈક જોવાના બનહાને બીબીસી ટીવી ચેનલ ટ્યૂન કરી...

ત્યાં શ્રેષ્ઠ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનની એ રેકોર્ડેડ મુલાકાત ચાલતી હતી. એમાં પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, 'અણુ બોમ્બના કારણે ખૂબ મોટાં પ્રમાણમાં જાનહાનિ થઈ, એમાં તમારી શોધનો પણ ખૂબ મોટો ફાળો છે. તમને તમારી આ શોધ માટે કોઈ પ્રશ્ચાતાપ કે ગિલ્ટ ફિન નથી થતું?' ત્યારે એમનાં ચહેરા પરના ભાવ સળંગ બે મિનિટ સુધી બતાવવામાં આવ્યાં. એમાં એમનો અપરાધી અને નતમસ્તક ચહેરો ઘણું બધું કહેતો હતો... આગળનાં મોતના સમાચાર અને આ ન્યૂઝ એકબીજા સાથે મેચ થતાં લાગ્યાં..

અણુબોમ્બ અને સેલ્ફીનું દુ:ખ સરખું જ લાગ્યું. યુવતી સેલ્ફીમાં માન હતી અને જોતજોતાંમાં એ ફોટો ફ્રેમ બની ગઈ... ડિઝિટલ શોધખોળ અને ઉપયોગને કારણે આ સેલ્ફી ટેકનોલોજી અસ્તિત્વમાં આવી, પણ આ શોધ કરનારને એવો ખ્યાલ હશે કે સેલ્ફી જીવલેણ બને? આજે જો એ વૈજ્ઞાનિકને આ સમાચાર બતાવી પૂછવામાં આવે કે, 'આમાં તમે ગિલ્ટી ફિલ કર છો?' મને ખબર નહીં કે શું જવાબ આપશે, પણ શોધની બીજી બાજુની ગંભીરતા એને ચોક્કસ વિચલિત કરશે!

આ એક માત્ર ઉદાહરણ નથી. ડેમ પર, કેનાલ પર, ડુંગરની ટોચે, ટેરેસ પર જઈને લાઈવ સેલ્ફી લેવાનો યંગસ્ટર્સમાં ક્રેઝ છે અને એ જગ્યાએથી પડવાથી, પટકાવાથી ગંભીર ઈજા થવાના કે કાયમી રામ રામના અનેક કિસ્સા અવારનવાર છાપાની જગ્યા રોકે છે. આગ્રાના તાજમહેલ પરથી સેલ્ફી લેતા એક જાપાનીઝ પટકાઈને પતી ગયો હતો... આ બધાંથી એટલું જ ખબર પડે ક્ષણિક આનંદની કિંમત કેટલી ચુકવવી પડે છે? મીડિયામાં સમાચાર વાંચ્યા બાદ જો સેલ્ફીની સીર્યસતા ખબર ન પડે તો સેલ્ફીની આત્મહત્યા રોકાવાની શક્યતા દેખાતી નથી!

> **આધુનિક યુગનું આ ખરું છે તૂત, જાણે વળગ્યું છે, બધાંને સેલ્ફીનું ભૂત!**

એક બે અકસ્માત કે મૃત્યુ થવાથી સેલ્ફી ન જ લેવી જોઈએ કે સેલ્ફી મોબાઈલ બંધ કરી દેવા જોવો વિરોધ જરાય નથી અને પ્રેક્ટીકલી એ પોસીબલ પણ નથી. પોતાની જાતને પ્રેમ કરવો, પોતાના ફોટાના પ્રેમમાં પડવું આ તો અનાદિકાળથી ચાલતું આવ્યુ છે. આજે સેલ્ફી રમતવાતમાં લઈ શકાય છે, પણ જયારે આ ટેકનોલોજી નહોતી ત્યારે એટલે કે ૧૮૩૯માં રોબર્ટ કોર્નવિલ નામના ફોટોગ્રાફરે સેલ્ફ પોટ્રેટ પાડીને સેલ્ફીના શ્રીગણેશ કરેલાં છે.

અરીસામાં જોઈને ફોટો પાડવાની પરંપરા પણ સવાસો વર્ષ જૂની છે. ભારતમાં સેલ્ફીનું પ્રમાણ કે ક્રેઝ (અને એટલે અકસ્માત પણ વધુ જ છે) ભારતના વડાપ્રધાનથી લઈ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ પણ સેલ્ફીના પ્રેમમાં પડ્યા છે. જો કોઈ સ્માર્ટ ફોનને ખીસ્સામાં ઘાલે છે આ આ સેલ્ફીના ચક્કરમાં અવશ્ય સપડાય છે. માણસનું જવા દો ઈન્ડોનેશિયાના જંગલમાં એક ફોટોગ્રાફરે સેટ કરેલો કેમેરો ખેંચીને વાંદરાએ લીધેલી સેલ્ફીના ઘરનાની નોંધ છે. મેડમ તુસાદના મ્યુઝિયમમાં મૂકવામાં આવેલા સ્ટેચ્યુ સાથે સેલીબ્રિટી જાતે સેલ્ફી તે એવા ફોટો પણ જોવા મળે છે.

મોબાઈલ કંપની વધુ સ્માર્ટ છે એમને માણસોની આ ઘેલછા નજરે ચઢી ગઈ છે, એટલે તેઓ સ્પેશિયલ સેલ્ફી ફોન પ્રમોટ કરે છે. સેલ્ફી ફોન ૨૦૦૩ની સાલમાં સોની એરિકસનનો ૧૦૧૦ નામનો મોડેલથી શરુ થયો અને ફેસબુક આવતાં પહેલાં 'માય સ્પેસ' નામની સેલ્ફી તુફાન મચાવતી હતી. અને સેલ્ફીની લોકપ્રિયતા જુઓ કે 'ટાઈમ' મેગેઝીને કરેલા લોકપ્રિય શબ્દોની યાદીમાં 'સેલ્ફી' ટોપર પર રહ્યો. ઓસ્ટ્રેલિયાની ૭૦ ટકા યુવાન યુવતીઓ માત્ર ફેસબુક પર ફોટો અપલોડ કરવા સેલ્ફી લે છે!

સેલ્ફી શબ્દની કલામ જુઓ કે ૨૦૧૩માં ઓક્સફર્ડ ડિક્શનરીમાં એને સ્થાન મળ્યું અને એ શબ્દ ઓસ્ટ્રેલિયન શોધ છે એવું નોંધવામાં આવ્યું.... શ્રાવણ મહિનામાં લગભગ બધા શહેરોમાં બાલનગરી આવે છે. ત્યાં મેરીગો રાઉન્ડ, ટોરાટોરા જેવી રાઈડ્સમાં બેસીને સેલ્ફી લેવી કે 'મોતના કુવા'માં ફરતી મોટર સાઈકલ બેકગ્રાઉન્ડ આવે એવી સેલ્પી લેવાનો આનંદ અનેરો આવે છે. આ બધું મોર્ડન યેરા પ્રમાણે મજાનું પણ લાગે છે.

આજે કોઈ કોઈને કેમેરા આપીને કે મોબાઈલ આપીને ક્લિક કરવાની રિક્વેસ્ટ કરતું નથી. જયાં ઈચ્છા થાય ત્યાં ઉભાં થઈ જાત જાતનાં ચહેરા બનાવી સેલ્ફી ખેંચી લે છે. પોતાના જ ફોટો જોવાં, પોતાના ફોટો અલગ અલગ એન્ગલમાં લઈ પોતાની જાતમાં જ મગ્ન રહેવાનું અને પચી એ મસ્ત સેલ્ફીને ફેસબુક, ઈન્ટાગ્રામ કે વોટ્સએપ પર અપલોડ કરી ફ્રેન્ડ્સની લાઈકસમાં જોતા બેસી રહેવાનો આજનો નિત્યક્રમ બની ગયો છે!

અને આ સેલ્ફીનો ક્રેઝ જયારે જોખમી જગ્યાએ જઈને ક્લિક થવા લાગે છે ત્યારે સર્કસના પિંજરામાં કે નદીની ભેખડમાં, હાઈરાઈઝ બિલ્ડિંગમાં કે દરિયાના મોઝા પર ક્લિક કરવા અને આનંદનું એકસાઈટમેન્ટ મેળવવા રિસ્ક લે છે, કયારેક એમાં બેધ્યાન પણે અકસ્માત સર્જાય ત્યારે એ પછી મોતનો કુવો બની જાય છે.'

હમણાં એક છોકરો એના માબાપ સાથે છોકરી જોવા ગયો. માએ છોકરીને પૂછ્યું, 'તને શું બનાવતા આવડે છે?' છોકરીએ જવાબ આપ્યો કે, 'સેલ્ફી લેતી વખતે આઠ-દસ અલગ અલગ પોઝ બનાવતાં આવડે છે!'

અનુસંધાન પાના નં. ૭ પર